જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૧૯  મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-  સમાચાર યાદી નં.૨૦૯૩/૧૯

# પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :

ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૮૮/૧૯ ઇપીકો કલમ ૩૯૪,૩૯૭, ૩૯૨,૨૯૪(ખ),૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) તથા ફસ્ટ ગુ.ર.નં.૯૦/૧૯ ઇપીકો કલમ  ૩૯૨,૧૧૪ મુજબ તથા નરોડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૫/૧૯ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ) ,૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામના આરોપી દિપક ઉર્ફે દિપુ મોહનભાઇ મુરજાની(સિન્ધી) ઉં.વ.૨૩, ધંધો છુટક મજુરી, રહે. મકાન નં.૨૪૪, રામદેવનગર, નાગરવેલ હનુમાન મંદિરની બાજુમાં, બાપુનગર, અમદાવાદ શહેર નાનો અમદાવાદ શહેરમાં પોતાના સાગરીતો સાથે મોટર સાયકલ ઉપર ફરી નિર્દોષ માણસોને રોકી તેઓની સાથે જપાજપી કરી માર-મારી તેમની પાસેના તિક્ષ્ણ હથિયાર ચપ્પુથી હુમલો કરી ઇજા કરી કિંમતી ચીજવસ્તુઓ તથા રોકડ રુપિયાની લૂંટ કરતો ફરતો હોય જેને એક સેમસંગ કંપનીનો જે-૭ મોડલનો મોબાઇલ ફોન કિં.રૂ. ૧૦,૦૦૦ તથા રોકડ રુપિયા ૪૦૦/- મુદ્દામાલ સાથે પકડી તેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૧૧૭૪/૧૯ તા.૦૩/૧૦/૨૦૧૯ થી સદરી આરોપીને રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૦૯/૧૨/૨૦૧૯ કલાક ૨૦/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે.



## <u>ઓઢવ પોલીસ સ્ટેશન :</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી “આઈ” ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ “બસુ ભેરૂસિંગ ગ્યાનસિંગ કુશવાહ, ઉ.વ.૨૭, રહે: વિષ્ણુભાઇ રબારીના મકાનમાં, ચામુંડાનગર, ઓઢવ, અ’વાદ શહેર મુળવતન: ગામ-ગાગંપુરા ગુમરી તા-અલીગઢ, જી-એટા ઉત્તરપ્રદેશ” નાનો “જાહેરવ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયતી બસુ ભેરૂસિંગ ગ્યાનસિંગ કુશવાહ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1387/19 તા.06/12/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ સરણીયાવાસ ચાર રસ્તા પાસેથી લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ નાઓની બાતમી હકિકત આધારે સદરી ઈસમોને તા.૦૯/૧૨/૨૦૧૯ ના રોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ભુજ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૦૯/૧૨/૨૦૧૯.

## રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન :

રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દેશી દારુની વેચાણ ની પ્રવૃત્તિ કરનાર ઇસમો વિરુધ્ધ અત્રેના પો.સ્ટે. ખાતે રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૫૦૦૫/૧૯ પ્રોહી.કલમ ૬૬(બી),૬૫(ઇ) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે અને આ કામના આરોપી સંજય બળવંતસિંહ જાડેજા (છારા) ઉ.વ.૩૫ રહે. સાબરમતી પોલીસ સ્ટેશનની સામે રબારીવાસની બાજુમાં છારાનગર સાબરમતી અમદાવાદ શહેર તેમજ આરોપી સોનું મનોજભાઈ જાડેજા ઉ.વ.૨૪ ધંધો છુટક મજુરી રહે. સાબરમતી પોલીસ સ્ટેશનની સામે રબારીવાસની બાજુમાં છારાનગર સાબરમતી અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/ ૧૩૯૦/૧૯ તેમજ પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૧૩૯૧/૧૯ તા.૦૯/૧૨/૧૯ આધારે ઉપરોકત બંન્ને આરોપી ઓને પાસા અટકાયતમા લેવાનો હુકમ કરતા પાસા અટકાયતી સંજય બળવંતસિંહ જાડેજા (છારા) ઉ.વ.૩૫ રહે. સાબરમતી પોલીસ સ્ટેશનની સામે રબારીવાસની બાજુમાં છારાનગર સાબરમતી અમદાવાદ શહેર નાને તા.૦૯/૧૨/૧૯ ના કલાક ક. ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી લાજપોર મધ્યસ્થ જેલ વડોદરા ખાતે તેમજ પાસા અટકાયતી સોનું મનોજભાઈ જાડેજા ઉ.વ.૨૪ ધંધો છુટક મજુરી રહે. સાબરમતી પોલીસ સ્ટેશનની સામે રબારીવાસની બાજુમાં છારાનગર સાબરમતી અમદાવાદ શહેર નાને તા.૦૯/૧૨/૧૯ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે જરુરી જાપ્તાના માણસો સાથે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

## <u>વટવા પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-ર સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોને વટવા પો.સ્ટે. તથા અન્ય પો.સ્ટે. ખાતે દાખલ થયેલ મિલ્કતસબંધી તથા શરીરસબંધી ગુનાઓમાં ર(બે) આરોપીઓ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

અ.નં. (૧) <u>શ્રી શબ્બીર ઉર્ફે જાકીર ગફાર જાતે-શેખ ઉવ.૩ર રહે- ગણેશનગરના છાપરા નારોલ અમદાવાદ મુળવતન- લાખન કોટરી સિલાવટ મોહલ્લા દરગાહ પાસે અજમેર રાજસ્થાન</u> નાઓ વિરુધ્ધ (૧) ઈસનપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં.૧૩૫/૧૯ ઈપીકો કલમ ૪૫૪. ૪૫૭. ૩૮૦. ૧૧૪ મુજબ તથા (ર) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં.૧૧૯/૧૯ ઈપીકો કલમ ૪૫૪. ૪૫૭. ૩૮૦. ૧૧૪ મુજબ તથા (૩) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં.૧ર૦/૧૯ ઈપીકો કલમ ૩૭૯. ૧૧૪ મુજબના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૩૭૮/૧૯ તા.૦૭/૧ર/ર૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૭/૧ર/ર૦૧૯ ના કલાક ર૩/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

અ.નં. (ર) <u>શ્રી ફૈસલ ઉર્ફે આશીફ ઉર્ફે સિલ્લી સ/ઓ અશરફભાઈ બાબુભાઈ જાતે- સિપાઈ ઉવ.રર રહે- બ્લોક નં. ૦૮/ર૪૬, વસંતગજેન્દ્ર ગડકરનગર ચાર માળિયા વટવા અમદાવાદ શહેર</u> નાઓ વિરુધ્ધ (૧) સાબરમતી પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં.૧૩/૧૮ ઈપીકો કલમ- ૩૭૯. ૧૧૪ મુજબ તથા (ર) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૧૧૮/૧૯ ઈપીકો કલમ- ૩ર૪. ૩ર૩. ર૯૪(ખ). ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબના ગુના આધારે મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૧૩૭૯/૧૯ તા.૦૭/૧ર/ર૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૯/૧ર/ર૦૧૯ ના કલાક ર૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

મે. પોલીસ કમિશ્નર શ્રી અ.વાદ શહેર તથા સંયુકત પો. કમિશ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમિશ્રી ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિશ્રી. "કે" ડિવિજન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી.વી.આર.વસાવા સાહેબ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ (૧) દાણીલીમડા પો.સ્ટે ફ.ગુરનં-૧૨૨/૧૯ ઇપીકો કલમ-૩૭૯,૧૧૪ મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે ફ.ગુરનં-૨૦૪/૧૯ ઇપીકો કલમ-૩૭૯ ,૧૧૪ મુજબના ગુનામાં પકડાયેલ આરોપી સોહીલ સ/ઓ ખેરાતીભાઇ ઉર્ફે સલીમભાઇ મનસુરી ઉ.વ.૨૦ રહે- ડી/૨૮ ચિસ્તીયા પાર્ક સદાની ધાબી વટવા કેનાલ પાસે વટવા અમદાવાદ શહેર નાની વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવતા મે.પો. કમિ. શ્રી અ.વાદ શહેર નાઓએ પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૩૮૪/૨૦૧૯ તા.૦૯/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતનો હુકમ કરેલ જે પાસા અટકાયતીને સર્વેલન્સ સ્કોર્ડના (૧) હે.કો કાનજીભાઇ અમીભાઇ (૨) લોકરક્ષક વિશ્વરાજસિંહ રાજેન્દ્રસિંહ નાઓએ બાતમી હકીકત આધારે પકડી લાવી પો.સ્ટે રજુ કરતા ઉપરોકત પાસા અટકાયતીને પાસા હુકમની બજવણી સિનિયર પો.ઇન્સ શ્રી વી.આર.વસાવા સાહેબ નાઓએ તા.૦૯/૧૨/૨૦૧૯ ના કલાક ૨૨/૩૦ વાગ્યે કરી જરુરી જાપ્તાના માણસો સાથે સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

## ગુના નિવારણ શાખાની કામગીરી :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૯.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા મિલ્કત સંબધી- ૨, પ્રોહીબીશન- ૬ મળી કુલ્લે ૮ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી આ ઇસમોને રાજયની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

# ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

### અન ડિટેક્ટ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાએ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ. એસ.જે.ચૌહાણ તથા હે.કો ચંદ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ તથા અ.પો.કો અતુલભાઇ સુખરામભાઇ બ.નં-૮૬૦૬ તથા લોકરક્ષક રાજુભાઇ રાહાભાઇ બ.નં-૧૦૫૮ તથા લોકરક્ષક જયેશભાઇ પાલાભાઇ બ.નં-૧૩૮૦ એ રીતેના સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના લોકરક્ષક રાજુભાઇ રાહાભાઇ તથા લોકરક્ષક જયેશભાઇ પાલાભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે ઓઢવ વી.કે.પેટ્રોલ પાસેથી આરોપી નીરવગીરી ઉર્ફે જીગો સંજયગીરી રમેશગીરી ગૌસ્વામી ઉ.વ.૨૫ રહે: રામજી ખાંટના મુવાડા, હાલોલ, જી-પંચમહાલ મુળવતન-ગામ: કોદરાલી તા-દહેગામ, જી-ગાંધીનગર નાઓની પાસેથી શાહીબાગ પો સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૩૯/૧૯ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરાયેલ બજાજ પ્લેટીના મો.સા મુદ્દામાલ રિક્વર કરી તા-૦૯/૧૨/૨૦૧૯ ના ક.૧૯/૩૦ વાગે સી.આર.પી.સી ૪૧(૧)(ડી) મુજબ આરોપી વિરુધ્ધમાં કાર્યવાહી કરી અન ડિટેક્ટ મિલ્કત સબંધી ગુના ડિટેક્ટ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૯/૧૨/૨૦૧૯.

## સરદારનગર પોલીસ સ્ટેશન :

## મેઘાણીનગર પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે મોબાઇલ ફોન સાથે આરોપી ને પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નર સાહેબ શ્રી "જી" ડીવીજન તથા પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આઇ.કે.મોથલિયા તથા સ્ટાફ ના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો કૃણાલકુમાર અશોકભાઇ બ.ન.૪૪૪૩ નાઓને મળેલ બાતમી હકીકત આધારે મેઘાણીનગર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં-૧૩૬/૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯,૧૧૪ મુજબના કામે આરોપી ક્રિષ્ણા ઉર્ફે આરોહી ગુરૂ પ્રાજલદે પાવૈયા સ/ઓફ મહેંદ્રભાઇ દંતાણી ઉ.વ.૨૦ રહે.૧૩૮૩ કૃષ્ણ ચોક ઓતમ પોળની સામે દરગાહની ચાલી શાહપુર અમદાવાદ શહેર નાને ચોરી કરેલ મોબાઇલ ફોન સાથે પકડી સી.આર.પી.સી ક્લમ ૪૧(૧)ડી મુજબ ની કાર્યવાહી કરી મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે સોપેલ છે.

આરોપી;- ક્રિષ્ણા ઉર્ફે આરોહી ગુરૂ પ્રાજલદે પાવૈયા સ/ઓફ મહેંદ્રભાઇ દંતાણી ઉ.વ.૨૦ રહે.૧૩૮૩ કૃષ્ણ ચોક ઓતમ પોળની સામે દરગાહની ચાલી શાહપુર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;- (૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) **પો.સબ.ઇન્સ આઇ.કે.મોથલિયા** (૩) પો.કો ભરતભાઇ હરચંદભાઇ બ.ન.૮૪૫૭ (૪) લોકરક્ષક ચેતનકુમાર હાજાભાઇ બ.ન.૧૨૮૬૩ વિગેરે

# <u>સરકાર શ્રી ની જમીન નામે કરી તથા બેંક માંથી રૂપીયા બે કરોડ ની લોન લઈ છેતરપીંડી કરી નાસતા-ફરતા મુખ્ય સુત્રધાર આરોપીની ધરપકડ કરતી સરદારનગર પોલીસ</u>

સરદારનગર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૩૪૮/૧૮ ઇ.પી.કો કલમ- ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮, ૪૭૧,૧૨૦(બી) મુજબ ના કામના ફરીયાદીશ્રી નિશાબેન ડો/ઓ કાંતીભાઇ જેઠાભાઇ જાતે ડગલા ઉ.વ ૨૫ ધંધો નોકરી રહે.મકાન નં બી/૨૧ શકતિનગર સોસાયટી બેચરપુરા તા.પાલનપુર જીલ્લો બનાસકાંઠા નાઓએ આરોપીઓ (૧) વિદ્યાબેન રમેશલાલ પંજવાણી (૨) કવિતાબેન રાજકુમાર (૩) મનોજકુમાર સચુમલ ગુનાણી (૪) પ્રદીપભાઈ નરૂમલ (૫) શીલાબેન રાધાકીશન સોનેજા અને (૬) મોહનદાસ ધનશ્યામદાસ ક્રીષ્નાની તથા તપાસમા મળી આવેતે વિગેરે નાઓએ સને ૨૦૧૭ ના અગાઉ સમય ગાળા દરમ્યાન કોઇ પણ સમયે શ્રી સરકાર ની સીટી સર્વે નં ૪૬૦૧ પૈકી ૨૩૨.૨૦ ચો.મી તથા સીટી સર્વે નં.૪૫૯૪ પૈકી ૨૧૧.૯૭ ચોમી તથા સિટી સર્વે નં. ૪૫૯૯ પૈકી ૧૮૫ તથા ૪૧.૮૫ ચોમી તથા સીટી સર્વે નં. ૪૬૦૦ પૈકી ૧૪૧.૩૯ ચો.મી ની જમીન જે સરકાર શ્રી જે જમીન ઉપર ઉપરોક્ત આરોપીઓએ પુર્વે આયોજીત કાવતરૂ કરી એકબીજાની મદગારી કરી ખોટા અને ડુપ્લીકેટ પ્રોપર્ટી કાર્ડ બનાવી ખોટી નોધણી કરાવી આ કામના આરોપીઓએ વેચાણ દસ્તાવેજ કરાવી તે પ્લોટ ઉપર સરકારશ્રીની જમીન હોવા છતા તે જમીન ઉપર મેસર્સ સાનિયા ટેક્ષસ્ટાઇના નામે રૂપિયા બે કરોડની બેંક ઓફ ઇન્ડીયા માથી મોરગેઝ લોન કરાવી લોન મેળવી લઇ બેંક તથા સરકારશ્રી સાથે છેતરપીંડી વિશ્વાસ ધાત કરી ગુન્હો કર્યા અંગેની ફરીયાદીશ્રીની ફરીયાદ આધારે સદર ગુન્હો દાખલ થયેલ.

જેમાં તપાસ દરમ્યાન ધ્યાન ઉપર આવેલ કે આ કામે સંડોવાયેલ આરોપીઓ આવા ગુના કરવાની ટેવ વાળા છે. જે આધારે મે.ડીજી.પી શ્રી ગુજરાત રાજ્ય નાઓએ આ ગુનાના કામે એસ.આઈ.ટી ની રચના કરવા જણાવતા જેમાં મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબના સુપરવિઝન હેઠળ તપાસ ટીમ ની રચના કરવા માં આવેલ જેની તપાસ માં કુલ્લે ૧૮ આરોપીઓ પકડી અટક કરવા માં આવેલ જેમાં જે-તે વખતના બેંક મેનેજર તથા સીટી સર્વેયર સહીત ની ધરપકડ કરવા માં આવેલ જે ગુનામાં <u>મુખ્ય આરોપી કે જેણે સરકારી જમીન પોતાના નામે કરાવી જેના ઉપર રૂપીયા ૨,૦૦,૦૦,૦૦૦/- ની લોન</u> મેળવી જે ભરપાઈ નહી કરી આજદિન સુધી નાસતો ફરતો હોઈ જે આરોપીને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર, મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે સી.આર.જાદવ પોલીસ ઇન્સ્પેક્ટર નાઓની સુચના, માર્ગદર્શન તથા ટેકનીકલ સપોર્ટ આધારે <u>મુખ્ય આરોપી પ્રદિપ ઉર્ફે રિંકુ સ/ઓફ જગદિશકુમાર જાતે લખવાણી ઉ.વ ૩૩ ધંધો પ્રા.નોકરી રહે. બંગ્લા નં-૪, ભાગ્યોદય સોસા. સરગમ ફ્લેટ ની સામે, કશ્મિર ટેનામેન્ટ ની નજીક, કુબેરનગર અમદાવાદ શહેર. હાલ રહે. એ/૨૦૨, ગેલેક્ષી એન્કલેવ સોસા., ગેલેક્ષી સર્કલ, પાલગામ સુરત</u> નાને પકડવા

સુચના કરેલ હોઈ જે અંગે સર્વેલન્સ પો.સબ.ઈન્સ શ્રી આઈ.કે.મોથલીયા તેમજ હે.કો કૃણાલભાઈ અશોકકુમાર તથા પો.કો ભરતભાઈ હરચંદભાઈ નાઓએ ઉપરોક્ત આરોપીને શોધી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી- (૧) શ્રી સી.આર.જાદવ સીની.પોલીસ ઇન્સપેક્ટર નોકરી- સરદારનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૨) પો.સબ.ઈન્સ શ્રી આઈ.કે.મોથલીયા સરદારનગર પો.સ્ટેશન

(૩) મ.સ.ઈ અરવિંદભાઈ સુધીરભાઈ બ.નં ૫૪૧૩ સરદારનગર પો.સ્ટેશન

(૪) અ.હે.કો વિષ્ણુસિહ કિશોરસિંહ બ.નં ૯૨૫૫ સરદારનગર પો.સ્ટેશન

(૫) અ.હે.કો કૃણાલભાઈ અશોકકુમાર બ.નં બ.ન૪૪૪૩ સરદારનગર પો.સ્ટેશન

(૬) અ.પો.કો ભરતભાઈ હરચંદભાઈ બ.ન ૮૪૫૭ સરદારનગર પો.સ્ટેશન

(૭) અ.પો.કો મનોજકુમાર બાબુભાઈ બ,નં ૮૪૯૭ સરદારનગર પો.સ્ટેશન

(૮) અ.વુ.લો.ર છાયાબેન લવજીભાઈ બ.નં ૧૧૧૮૦ સરદારનગર પો.સ્ટેશન



# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૪/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૬ લીટર દેશી દારૂ અને ૧૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૨,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૫/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ હેઠળ ૦૬ વ્યક્તિઓની તેમજ પાસા મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટ :** **સમાચાર યાદી નં.૨૦૯૬/૧૯**

**વસ્ત્રાપુર** : પ્રવિણભાઇ ઓટાજી પ્રજાપતિ (ઉ.વ.૫૮)(રહે ગોતા હાઉસિંગ બોર્ડ, ગોતા) તા.૦૯/૧૨/૨૦૧૯ બપોરના ૨/૦૦ થી ૨/૧૫ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર સુદર્શન બંગલોના ગેટ આગળ થી પોતાનું એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાઇકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી પ્રવિણભાઇને રોકી ઝપાઝપી કરી, તેમની એક્ટીવા ની ચાવી ખેંચી લઇ, એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મુકેલ પર્સ લઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ પ્રવિણભાઇ પ્રજાપતિ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

**ચોરી :** **સમાચાર યાદી નં.૨૦૯૭/૧૯**

**કાગડાપીઠ** : મયુરભાઇ બંસીલાલ ખમાર(ઉ.વ.૫૩)(રહે.વિજય કો.ઓ.હાઉસીંગ સોસાયટી, ઈંકા કલબની સામે, કાંકરીયા રોડ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૧૯ બપોરના ૩/૦૦ થી ૩/૧૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાની સોસાયટીના પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાના જયુપીટર સ્કુટર ની ડેકીનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૧,૩૬,૫૦૦/- ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરી :** **સમાચાર યાદી નં.૨૦૯૮/૧૯**

નરોડા : પંકજકુમાર નાનાલાલ જૈન (ઉ.વ.૩૫) (રહે અંબિકા પાર્ક સોસાયટી, સ્વામિનારાયણ મંદિર પાસે કઠવાડા રોડ, નવા નરોડા) એ તા.૯/૧૨/૧૯ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૨/૧૯ રાતના કલાક ૧૦/૩૦ થી તા.૦૪/૧૨/૧૯ સવારના ૦૭/૦૦ વાગ્યા દરમ્યાન અંબિકા પાર્ક સોસાયટી ની બહાર રોડ ઉપર પોતાની ઇક્કો ગાડી નંબર જીજે.૦૧.એસ.યુ.૪૦૦૧ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ .હે.કો..શ્રી રવિન્દ્ર રાજારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.